


# સ્માર્ટ ગ્રાહકનું મીટર એટલે...
# સ્માર્ટ મીટર




## સવાલ અને સમાધાન

PGVCL

REC Power Development

APRAAVA ENERGY

## ૧. સ્માર્ટ મીટર વિશે...

સ્માર્ટ મીટર એ હાલના વીજ મીટરની નવી પેઢી છે જેના થકી તમને તમારા વીજ વપરાશના સ્વરૂપ/ઢાંચાની વિગત વિશે જાણવા મળશે અને વીજ કંપનીને માનવીય હસ્તક્ષેપ વિના સિસ્ટમ મોનિટરિંગ અને ગ્રાહકની બિલિંગ પ્રક્રિયામાં મદદ મળશે. સ્માર્ટ વીજ મીટર આપના ઘરવપરાશ, વાણિજ્ય અને ઔદ્યોગિક વિજજોડાણોના વીજ વપરાશના રીડિંગ સ્વયંસંચાલિત રીતે લે છે અને તેની માહિતી વાયરલેસ પધ્ધતિથી આપની વીજ કંપનીને મોકલે છે. તદુપરાંત સ્માર્ટ મીટર પીક અને ઓફપીક કલાકો દરમ્યાનના આપના વીજ વપરાશનું વિશ્લેષણ કરવામાં મદદ કરશે જે આપને આપના ભવિષ્યના વીજ વપરાશનું અનુમાન કરવામાં મદદરૂપ કરશે જેથી

## ૨. સ્માર્ટ મીટર- સવાલ અને સમાધાન...

## સ્માર્ટ મીટર અને તેના ફાયદાઓ વિશે...

### ૧. સ્માર્ટ મિટરમાં પ્રિપેઇડનું કાર્ય શું છે?

સ્માર્ટ મીટરમાં વીજ વપરાશના પ્રિપેઇડનું કાર્ય પ્રિપેઇડ મોબાઈલ જેવુંજ છે. આપના વીજ વપરાશનો ઉપયોગ કરવા માટે અગાઉથી રિચાર્જ કરવું જરૂરી છે. ઓછા કે શૂન્ય બેલેન્સના કિસ્સામાં આપનો વીજ પુરવઠો કાપતા પહેલા મીટર અને/અથવા આપના નોંધાયેલ મોબાઈલ ઉપર એસએમએસ દ્વારા અને/અથવા મોબાઈલ ઍપ્લિકેશનમાં આપને બે કે ત્રણ ચેતવણી સંદેશ મળશે. પ્રિપેઇડના કાર્ય થકી આપનું અનપેક્ષિત વીજ બિલ ટાળી શકાશે અને આપના વીજ વપરાશનું યોગ્ય બજેટ બનાવવાંમાં પણ મદદરૂપ થશે.

### ૨. સ્માર્ટ પ્રિપેઇડ મીટર લગાડવા માટે મારે કોઈ રકમ ભરવી પડશે?

સ્માર્ટ પ્રિપેઇડ મીટર લગાડવા માટે આપે અગાઉથી કોઈ રકમ ભરવાની જરૂર નથી પણ મીટર લગાડ્યા પછી આપના વીજવપરાશ માટે રિચાર્જ કરવું જરૂરી છે.

### 3. સ્માર્ટ પ્રિપેઇડ મીટરના ઉપયોગના શું શું ફાયદાઓ છે?

- આપ પીજીવીસીલની મોબાઇલ એપ્લિકેશનના ઉપયોગથી આપના વીજવપરાશને જાણી શકશો.
- આપ આપના વીજગ્રાહક ખાતામાં અગાઉથી રિચાર્જ કરી શકશો.
- તે આપના વીજળીના રીડિંગને ડિજીટલ રીતે વીજ કંપનીને મોકલે છે.
- આનાથી વીજ કંપનીને તેઓના ગ્રાહકોનો વીજ પુરવઠો સુધારવામાં મદદ મળશે.

### ૪. સ્માર્ટ મીટર લગાડવાની પ્રક્રિયા શું છે?

આપની વીજ કંપની આપના વર્તમાન મીટરને સ્માર્ટ મીટરમાં બદલવાની કાર્યવાહી કરશે.

### ૫. શું મારે અલગથી જુદા જુદા માળ અથવા ભાડુતો માટે સ્માર્ટ સબ-મીટર લગાડવાની જરૂર છે?

આપના વીજ પ્રસ્થાપન અને વીજ કંપનીના જોડાણના સ્થળે સ્માર્ટ મીટર લગાડવું ફરજિયાત છે. આપ આપના વિકલ્પે અલગથી જુદા જુદા માળ/ભાડુતો માટે સ્માર્ટ સબ-મીટર સ્વખર્ચે લગાવી શકો છો અને તેને લગાડવાની કે જાળવણી કરવાની જવાબદારી પીજીવીસીએલની નથી.

### ૬. મારે સોલાર રુફટોપ સિસ્ટમ છે; શું હું સ્માર્ટ મીટર મેળવી શકું?

હા, સોલાર રૂફ ટોપ સાથે સ્માર્ટ મીટર લગાવી શકાય છે. જો કે, તે માટેની અલગ અલગ રાજ્યો માટે અલગ અલગ નીતિ હોઇ શકે છે. આપ વધુ માહિતી માટે આપની વીજ કંપનીની  સ્થાનિક કચેરીનો સંપર્ક કરી શકો છો.

## બિલિંગ અને રિચાર્જ....

### ૧. સ્માર્ટ કે પ્રિપેઇડ મીટરના કારણે મારા વીજ ટેરિફમાં કોઈ બદલાવ આવશે?

સ્માર્ટ કે પ્રિપેઇડ મીટર માટે આપના વીજ ટેરિફના માળખામાં હાલ કોઈ બદલાવ નહીં આવે. જો કે ભવિષ્યમાં ટેરિફનું માળખું સમયાંતરે ગુજરાત વીજ નિયમન પંચની મંજૂરીને આધીન રહેશે.

### ૨. સ્માર્ટ પ્રિપેઇડ મીટર લગાવ્યા પછી મારા વીજ બીલમાં વધારો થઈ શકે છે?

આપના હાલના પરંપરાગત વીજ મીટરના વીજ બિલની સરખામણીએ કોઈ વધારો નહીં થાય. મીટર રીડિંગમાં માનવીય ભૂલો નાબૂદ થવાથી રીડિંગની ચોક્સાઈમાં સ્માર્ટ મીટર વધારો કરશે અને આપના વીજ વપરાશના પેટર્નની યોગ્ય દેખરેખ રાખવામાં મદદરૂપ થશે.

### 3. હું સ્માર્ટ મીટરમાં કેવી રીતે રિચાર્જ કરી શકું (લઘુત્તમ રિચાર્જ રકમ સહિત)?

નીચે આપેલ કોઈપણ વિકલ્પ દ્વારા આપ આપના સ્માર્ટ મીટરમાં રિચાર્જ કરી શકશો.

૧. આપના મોબાઈલ દ્વારા પીજીવીસીએલની એપ્લિકેશન થકી.

૨. ગ્રાહક વેબ પોર્ટલની મુલાકાત થકી.
https://mdm-apraava.pgvcl.com/consumerLogin

3. નજીકમાં આવેલ કોઈપણ બિલિંગ કેન્દ્રમાં.

## ૪. મારી વીજ કંપની દ્વારા ઓછા બેલેન્સ અથવા ડિસ્કનેક્શન માટે મને કોઈ ચેતવણી સંદેશ મળશે?

હા, આપના નોંધાયેલ મોબાઈલ નંબરમાં એસએમએસ દ્વારા , સ્માર્ટ મીટરમાં અને વીજ કંપનીની મોબાઈલ એપ્લિકેશન ઉપર નીચે મુજબના તબ્બકે ચેતવણી સંદેશા આપને મળશે.

ઓછા બેલેન્સ માટે ચેતવણી...

- ૨૦૦ રૂપિયાથી ઓછા બેલેન્સ માટે
- ૫૦ રૂપિયાથી ઓછા બેલેન્સ માટે
- 0 રૂપિયાથી ઓછા બેલેન્સ માટે

ડિસ્કનેક્શન માટે ચેતવણી..

- -300 રૂપિયાથી ઓછા બેલેન્સ માટે

જો કે, ભવિષ્યમાં આ બાબત સક્ષમ સત્તાધીશ દ્વારા સમયાંતરે આપવામાં આવતા નિર્દેશો અનુસાર ફેરફારને આધીન રહેશે.

## ૫. રિચાર્જ કર્યા બાદ કેટલા સમયમાં રિચાર્જની રકમ બેલેન્સ તરીકે સ્માર્ટ મિટરમાં દેખાશે?

સામાન્ય રીતે રિચાર્જ કર્યા બાદ થોડી મિનિટોમાં રિચાર્જની રકમ સ્માર્ટ મીટરમાં બેલેન્સ તરીકે દેખાશે. વિલંબનાં કિસ્સામાં પીજીવીસીએલની લાગુ પડતી કચેરીનો સંપર્ક કરવા અથવા સ્માર્ટ મીટરની એપ્લિકેશનમાં ફરિયાદ નોંધાવવા વિનંતી.

## ૬. વિજજોડાણનું ડિસકનેક્શન અટકાવવા મારે લઘુતમ કેટલી રકમનું બેલેન્સ રાખવું જોઈએ?

જો કે મિનિમમ બેલેન્સ અંગે કોઈ આદેશ નથી. અવિરત વીજ પુરવઠાનો આનંદ લેવા માટે  માટે પૂરતું બેલેન્સ રાખવું ગ્રાહકો માટે સલાહ ભરેલું છે.

## ૭. મારા પ્રિપેઇડ મીટરમાં હું બેલેન્સ કરી રીતે ચેક કરી શકું?

નીચે દર્શાવેલ પૈકી કોઈપણ રીતથી આપ બેલેન્સ ચેક કરી શકો છો..

a) સ્માર્ટ મીટરની ડિસ્પ્લે ચેક કરવાથી.
b) પીજીવીસીએલની સ્માર્ટ મીટરની એપ્લિકેશનનો ઉપયોગ કરીને.
c) અમારા ગ્રાહક વેબપોર્ટલમાં લૉગિન કરીને.

https://mdm-apraava.pgvcl.com/consumerLogin
નીચેનો QR કોડ સ્કેન કરીને વેબપોર્ટલમાં લૉગિન કરી શકશો.

## ૮. મારુ રિચાર્જ સંપૂર્ણ વપરાય ગયા બાદ તુરતજ મારો વીજ પુરવઠો કપાય જશે?

વીજ પુરવઠો કપાતા પહેલા વીજ કંપની દ્વારા આપના નોંધાયેલ મોબાઇલમાં, સ્માર્ટ મીટર અને સ્માર્ટ મીટર મોબાઈલ એપ્લિકેશનમાં ઓછા બેલેન્સના ચેતવણી સંદેશા મળશે.

## ૯. મને પાવર શટડાઉન અને ડિસ્કનેક્શન વચ્ચેના તફાવતની કેમ ખબર પડશે?

ડિસકનેક્શન ના કિસ્સામાં મીટર સુધી વીજ પુરવઠો ચાલુ હશે-મીટર તે વખતનું ઓછું/શૂન્ય/નેગેટિવ બેલેન્સ બતાવશે.

## ૧૦. મારુ વીજ બિલ હું કાગળ ઉપર, એસએમએસ કે ઈલેક્ટ્રોનિક રીતથી કેમ મેળવી શકીશ?

આપનું વીજ બિલ સ્માર્ટ મીટરની એપ્લિકેશન અથવા વેબ પોર્ટલ દ્વારા પીડીએફ તરીકે ડાઉનલોડ કરી શકશો.

## ૧૧. હું મોબાઈલ એપ્લિકેશન દ્વારા રિચાર્જ ના કરી શકું અથવા મારુ રિચાર્જ ટ્રાનજેક્શન નિષ્ફળ જાય તો મારે શું કરવું?

આ અંગે આપ સ્માર્ટ મીટરની એપ્લિકેશન અથવા વેબ પોર્ટલ ઉપર આપની ફરિયાદ નોંધાવી શકો છો.

### ૧૨. સફળ રિચાર્જ કર્યા બાદ પણ જો વીજ પુરવઠો પુનઃપ્રસ્થાપિત ના થાય તો મારે કોનો સંપર્ક કરવો?

સામાન્ય રીતે, સફળ રિચાર્જ થયા બાદ થોડી મિનિટોમાં જ વીજ પુરવઠો પુનઃપ્રસ્થાપિત થઈ જાય છે. જો પુરવઠો પુનઃપ્રસ્થાપિત ના થાય તો સ્માર્ટ મીટરની એપ્લિકેશન અથવા વેબ પોર્ટલ ઉપર આપની ફરિયાદ નોંધાવવા વિનંતી.

### ૧૩. મારા પ્રીપેડ મીટરમાં બેલેન્સ ઉપલબ્ધ હોવા છતાં જો મારો વીજ પુરવઠો કપાય જાય તો મારે શું કરવું જોઈએ?

સામાન્ય રીતે, આવું બનતું નથી. જો કે, કોઈ તાંત્રિક કારણોસર આવી જૂજ શક્યતાઓમાં જો પુરવઠો પુનઃપ્રસ્થાપિત ના થાય તો સ્માર્ટ મીટરની એપ્લિકેશન અથવા વેબ પોર્ટલ ઉપર આપની ફરિયાદ નોંધાવવા વિનંતી.

### ૧૪. હું મારી ફરિયાદની સ્થિતિ કેવી રીતે જાણી શકું?

સ્માર્ટ મીટર સંબંધિત ફરિયાદો સ્માર્ટ મીટરની એપ્લિકેશન અથવા વેબ પોર્ટલ ઉપર આપની ફરિયાદ નોંધાવવા વિનંતી.

## સ્માર્ટ મીટરની વિશેષતાઓ

ગ્રાહકને સહાયક સ્માર્ટ મીટરની વિશેષતાઓ નીચે મુજબ છે

- નાના રિચાર્જ માટે સરળ ટોપ-અપની સુવિધાનો વિકલ્પ
- ઓછા/શૂન્ય બેલેન્સની સૂચનાઓ
- ઝડપી રિચાર્જની સુવિધા
- ગ્રાહકના વીજ વપરાશ અને તેને લગતી અન્ય હાથવગી માહિતી
- વીજ વપરાશને બજેટપૂર્ણ બનાવવામાં મદદ
- માસિક અને દૈનિક વીજ વપરાશ અને વીજ માંગની સરખામણી
- વ્યક્તિગત વિક્ષેપ વગર ઓટોમેટિક રીડિંગ
- આ ઉપરાંત ઘણી અન્ય ટેકનિકલ વિશેષતાઓ

## મારા વીજ બીલને ઘટાડવામાં સ્માર્ટ મીટર મને કેવી રીતે મદદ કરી શકે?

પીજીવીસીએલની સ્માર્ટ મીટર એપ્લિકેશન અથવા ગ્રાહક વેબપોર્ટલની મદદથી રિયલ-ટાઈમના ધોરણે આપના વીજ વપરાશને તપાસી શકો છો અને ટ્રેક પણ કરી શકો છો. આ માહિતી માસિક/દૈનિક સરખામણી સાથે વીજળી વપરાશના ડેટાને ટ્રેક કરી શકે છે જે વીજ વપરાશને ઘટાડવામાં મદદ કરી શકે છે.

## હું મારા વીજ વપરાશને કેવી રીતે મોનિટર કરી શકું? શું હું મારા મીટરને દૂરથી ચાલુ/બંધ કરી શકું?

તમે તમારા વીજ વપરાશને ટ્રેક કરવા માટે સ્માર્ટ મીટરની મોબાઇલ એપ્લિકેશન અથવા વેબપોર્ટલનો ઉપયોગ કરી શકો છો. જો કે, સુરક્ષાના મુદ્દાને ધ્યાને લેતા આપ મીટર દૂરથી ચાલુ/બંધ નહીં કરી શકો.

## શું સ્માર્ટ મીટર થકી વીજ પુરવઠો વધુ સરળતાથી કાપી શકાય છે?

સ્માર્ટ મીટરનો પ્રાથમિક હેતુ સક્રિય હસ્તક્ષેપ માટે દ્વિ-માર્ગી સંચાર અને વાસ્તવિક સમયનો ડેટા સંગ્રહ કરવાનો છે. ડિસ્કનેક્શન અને પુનઃજોડાણ પર્યાપ્ત ચેતવણીઓ સાથે અને વિવિધ અધિનિયમોને આધીન કરવામાં આવશે.

## શું સ્માર્ટ મીટર સ્વાસ્થ્ય પર કોઈ પ્રતિકૂળ અસર કરે છે?

નિયમિતપણે ઉપયોગમાં લેવાતા અન્ય પ્રકારના સંચાર ઉપકરણોની સરખામણીમાં સ્માર્ટ મીટર કોઈ વધારાનું સ્વાસ્થ્ય જોખમ ઊભું કરતા નથી. (સ્થાનિક પરિસ્થિઓને આધીન)

## શું સ્માર્ટ મીટર પાવર સપ્લાયની ગુણવત્તા અને વિશ્વસનીયતા સુધારવામાં મદદ કરી શકે છે?

હા, ગુણવત્તા અને વિશ્વસનીયતા આધારિત રીઅલ-ટાઇમ ભરોસાપાત્ર ડેટા સાથે, વીજ કંપની તમારા વિસ્તારમાં વીજ પુરવઠાની સ્થિતિનું નિરીક્ષણ અને વિશ્લેષણ કરવા માટે સક્ષમ હશે. જાણકાર અને સક્રિય વીજ કંપની ખામી અથવા વિક્ષેપના કિસ્સામાં પાવર સપ્લાયને ઝડપથી પુનઃસ્થાપિત કરી શકશે.

- **પ્રિ-પેઇડ સ્માર્ટ મીટર લગાવવાની પ્રક્રિયા:**

### (1) કન્ઝ્યુમર ઇંડેક્ષિંગ (CI)

PGVCL દ્વારા નિયુક્ત કરેલ એજન્સીના પ્રતિનિધિ ગ્રાહકના વીજપ્રસ્થાપન પર પહોચી મીટરની વિગત, ગ્રાહકની વિગત, અક્ષાંશ રેખાંશ, મીટર બોક્ષની વિગત, કેબલની વિગત વગેરે મોબાઇલની એપ્લિકેશમાં નોંધણી કરશે.

### (2) મીટર ઇન્સ્ટોલેશન (MI)

PGVCL દ્વારા નિયુક્ત કરેલ એજન્સીના પ્રતિનિધિ તથા PGVCLનો સ્ટાફ ગ્રાહકના હયાત મીટરની જગ્યાએ પ્રિ-પેઇડ સ્માર્ટ મીટર લગાવશે. તેમજ જૂના મીટરની તથા નવા મીટરની વિગત મોબાઇલ એપ્લિકેશનમાં નોંધણી કરશે. ત્યારબાદ વીજપ્રસ્થાપન સીલ કરશે અને મીટર બદલવાના પ્રોફોરમાની નકલ ગ્રાહકને આપશે.

ઉપર મુજબની કામગીરી પૂર્ણ થયા બાદ સર્વર પર ડેટા જશે અને ત્યારબાદ ગ્રાહકના રજિસ્ટર્ડ મોબાઇલ નંબર પર નીચે મુજબનો મેસેજ આવશે.

Dear Consumer, Congratulations! We are pleased to inform you that your electricity connection has been successfully converted to pre-paid mode. Your final outstanding amount of Rs. xxxx has been converted into daily equal instalments of Rs. xxx. For more detail, please click on https://mdm-apraava.pgvcl.com/consumerLogin

(*અપવાદરૂપ કિસ્સામાં મીટર લગાવ્યા પછી મોબાઇલ એપ્લિકેશન પર રજિસ્ટ્રેશન કરવા માટે એક કે બે દિવસ વિલંબ થઈ શકે છે.)

### મોબાઈલ એપ્લીકેશન ડાઉનલોડ અને રજીસ્ટ્રેશન કરવાની પ્રક્રિયા:

પ્રિ-પેઇડ સ્માર્ટ મીટર સાથે ગ્રાહકના મોબાઇલનું જોડાણ કરવા ગ્રાહક દ્વારા નીચે મુજબની કામગીરી કરવાની રહેશે.

(a) QR કોડ સ્કેન કરી એપ્લિકેશન ડાઉનલોડ કરી અને રજિસ્ટ્રેશન લિંક માં જઈ રજિસ્ટ્રેશન કરવાનું રહશે.

અથવા

(b) Google પ્લેસ્ટોર કે Apple સ્ટોરમાં જઈ “PGVCL Smart Meter“ મોબાઇલ એપ્લિકેશન ડાઉનલોડ કરી રજિસ્ટ્રેશન લિંક માં જઈ રજિસ્ટ્રેશન કરવાનું રહશે.

રજીસ્ટ્રેશન માટે ‘First Time User Registration’ પર ક્લિક કરીને જરૂરી વિગતો ભરવાની રહેશે. ત્યારબાદ ગ્રાહકના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર/ઈ-મેઈલ પર OTP આવશે.
OTP ની મદદથી પાસવર્ડ જનરેટ કર્યા બાદ ગ્રાહક મોબાઈલ એપ્લીકેશનનો ઉપયોગ કરી શકશે.

અહી એ જણાવવું જરૂરી છે કે આપના 24 કલાકના વપરાશના ડેટા PGVCL સર્વર પર નિરંતર સ્ટોર થતાં રહેશે. જેની તમામ વિગતો રાત્રીના બાર વાગે પ્રીપેડની ગણતરી કરવામાં આવશે. તે મુજબ ઉર્જાનો વપરાશ, બાકી રહેલી બેલેન્સની માહિતી વગેરે મોબાઈલ એપ્લિકેશનમાં જોઈ શકાશે

## Final Outstanding Amount [FOA]:

**FOA=** પાછલી બાકી રકમ + બાકી રહેલ બીલ (છેલ્લા બીલની તારીખથી મીટર બદલ્યા તારીખ સુધી) ની રકમ – સિક્યોરીટી ડીપોઝીટની રકમ - સિક્યોરીટી ડીપોઝીટની રકમ ઉપરનું વ્યાજ ( મીટર બદલ્યા તારીખ સુધીનું) + વ્યાજની રકમ ઉપર ઇન્કમટેક્સ + વિલંબીત ચુકવણી ચાર્જ (મીટર બદલ્યા તારીખ સુધીનો) – અગાઉથી ચુકવેલ રકમ ઉપર વ્યાજની રકમ – સોલાર નાં વધારાનાં ઉત્પાદનની ખરીદીની રકમ (સોલાર ગ્રાહકો માટે જ)

| વિગત | રકમ |
|---|---|
| એ: પાછલી બાકી | ૭૫૦.૦૦ |
| બી: નવા બીલની રકમ [છેલ્લા બીલની તારીખથી મીટર બદલ્યા તારીખ સુધી] | ૨૩૫.૦૦ |
| સી: વિલંબિત ચુકવણી ચાર્જ | ૨૫.૦૦ |
| ડી: સિક્યોરિટી ડીપોઝીટ | ૪૦૦.૦૦ |
| ઈ: સિક્યોરિટી ડીપોઝીટ ઉપર વ્યાજની રકમ | ૧૦.૦૦ |
| એફ: વ્યાજની રકમ ઉપર ઇન્કમટેક્સ ની રકમ | ૦.૦૦ |
| જી: અગાઉથી ચુકવેલ રકમ ઉપર વ્યાજની રકમ | ૦.૦૦ |
| એચ: સોલાર નાં વધારાનાં ઉત્પાદનની ખરીદીની રકમ | ૦.૦૦ |
| આઈ: એફઓએ =(એ+બી+સી-ડી-ઈ+એફ-જી-એચ) | ૬૦૦.૦૦ |
| જે: છેલ્લા ત્રણ મહિનાનું સરેરાશ વીજ બીલ | ૭૨૦.૦૦ |
| કે: જે નાં ૨૫ % | ૧૮૦.૦૦ |
| એલ: ડીઆઈએ=કે/30 દિવસ | ૬.૦૦ |
| એમ: રિકવરી માટેના કુલ દિવસો= (આઈ/ એલ) | ૧૦૦ |

નોંધ: બાકી એરિયર્સની રકમ ગ્રાહકના રી-ચાર્જ બેલેન્સમાંથી મહતમ ૧૮૦ દિવસમાં વસુલવામાં આવશે. આથી જો દિવસોની સંખ્યા ૧૮૦ દિવસ કરતા વધી જશે તો Daily Installment Amount (DIA) = FOA/૧૮૦ દિવસ.

જો એફઓએ નેગેટીવ એટલે કે , એરિયર્સની રકમ ગ્રાહકની ની જમાં સિક્યોરિટી ડીપોઝીટ કરતા ઓછું હશે તો તેવી જમા રકમ ગ્રાહકના રી-ચાર્જ બેલેન્સમા ૬ મહિનાના હપ્તામાં જમા આપવામાં આવશે. જેમાં પહેલો હપ્તો જે દિવસે મીટર બદલવામાં આવેલ હશે ત્યારે આપવામાં આવશે. પરંતુ બાકી રહેલ હપ્તા ઉપર કોઈ પણ વ્યાજ આપવામાં આવશે નહિ.

નોંધ: સોલાર વીજ જોડાણ ધરાવતા ગ્રાહકોને આ રકમ એકસાથે આપી દેવામાં આવશે.

| વિગત | રકમ |
|---|---|
| એ: પાછલી બાકી | ૭૫૦.૦૦ |
| બી: નવા બીલની રકમ [છેલ્લા બીલની તારીખથી મીટર બદલ્યા તારીખ સુધી] | ૨૩૫.૦૦ |
| સી: વિલંબિત ચુકવણી ચાર્જ | ૨૫.૦૦ |
| ડી: સિક્યોરિટી ડીપોઝીટ | ૪૦૦૦.૦૦ |
| ઈ: સિક્યોરિટી ડીપોઝીટ ઉપર વ્યાજની રકમ | ૧૦.૦૦ |
| એફ: વ્યાજની રકમ ઉપર ઇન્કમટેક્સ ની રકમ | ૦.૦૦ |
| જી: અગાઉથી ચુકવેલ રકમ ઉપર વ્યાજની રકમ | ૦.૦૦ |
| એચ: સોલાર નાં વધારાનાં ઉત્પાદનની ખરીદીની રકમ | ૦.૦૦ |
| આઈ: એફઓએ =(એ+બી+સી-ડી-ઈ+એફ-જી-એચ) | -૩૦૦૦.૦૦ |
| જે: માસિક હપ્તાની રકમ = ( આઈ/૬) | -૫૦૦.૦૦ |

## ❖ બીલની ગણતરી:

હેતુ: ઘરવપરાશ - ઉદાહરણ રૂપે

અ : જે મહિનામાં મીટર બદલાશે તે મહિનામાં બીલની ગણતરી:

- મીટર બદલ્યા તારીખ: ૧૯-૦૩-૨૦૨૪
- મહિનાનાં બાકી દિવસો: ૩૧-૦૩-૨૦૨૪ – ૧૯-૦૩-૨૦૨૪=૧૨ દિવસ
- બિલીંગ ફેક્ટર=૧૨/૩૦= ૦.૪
- કોન્ટ્રાક્ટટેડ લોડ: ૧ કેડબલ્યુ(KW)
- મહિનાનો ફિક્સ ચાર્જ :૧૫ X ૦.૪=૬
- એક દિવસનો ફિક્સ ચાર્જ : ૦.૫ ( ૬/૧૨-બાકીના દિવસો)
- ઉપરોક્ત બિલીંગ ફેક્ટર ૦.૪ ને ધ્યાન પર લેતા જે મહિનામાં મીટર બદલાશે તે મહિના માટેનો ટેરીફ નો સ્લેબ નીચે મુજબ રહેશે.

| નિયમિત ટેરીફ નો સ્લેબ | | બિલીંગ ફેક્ટર મુજબનો ટેરીફ નો સ્લેબ | | યુનીટ દીઠ દર |
|---|---|---|---|---|
| ૦ | ૫૦ | ૦ | ૨૦ | ૩.૦૫ |
| ૫૦ | ૧૦૦ | ૨૦ | ૪૦ | ૩.૫૦ |
| ૧૦૦ | ૨૫૦ | ૪૦ | ૧૦૦ | ૪.૧૫ |
| ૨૫૦ | | ૧૦૦ | | ૫.૨૦ |

| તારીખ | વપરાશ (Unit) | ફિક્સ ચાર્જ | એનર્જી ચાર્જ | ફ્યુએલ ચાર્જ ૨.૮૫ | કુલ ચાર્જ | વીજ કર ૧૫% | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૨૦-03-૨૪ | ૧૮ | ૦.૫ | ૫૪.૯૦ | ૫૧.૩૦ | ૧૦૬.૭૦ | ૧૬.૦૧ | ૧૨૨.૭૧ |
| ૨૧-03-૨૪ | ૧૮ | ૦.૫ | ૬૨.૧૦ | ૫૧.૩૦ | ૧૧૩.૯૦ | ૧૭.૦૯ | ૧૩૦.૯૯ |
| ૨૨-03-૨૪ | ૧૪ | ૦.૫ | ૫૫.૫૦ | ૩૯.૯૦ | ૯૫.૯૦ | ૧૪.૩૯ | ૧૧૦.૨૯ |
| ૨૩-03-૨૪ | ૨૨ | ૦.૫ | ૯૧.૩૦ | ૬૨.૭૦ | ૧૫૪.૫૦ | ૨૩.૧૮ | ૧૭૭.૬૮ |

ઉપર મુજબની દૈનીક ગણતરીમાં ડીઆઈએ (DIA) ઉમેરી ગ્રાહકનાં પ્રાપ્ય રી-ચાર્જ બેલેન્સમાંથી દરરોજના કપાત થતી રહેશે.

નોંધ:

૧. બીજા મહિનાથી નિયમિત ટેરીફનાં સ્લેબ મુજબ ગણતરી થશે.

૨. મહતમ ડીમાન્ડ મુજબ ફિક્સ્ડ ચાર્જ ની વસુલાત મહિનાનાં અંતે કરવામાં આવશે.

૩. ફ્યુલ સરચાર્જ અને ટેરિફ ને લગતી પાછલી વસુલાત મહિનાનાં અંતે ૩૦ સરખા હપ્તામાં કરવામાં આવશે.

૪. બીલની ગણતરી કામચલાઉ હશે અને મહિનાનાં અંતે PGVCLના બિલીંગ સોફ્ટવેરમાં અંતિમ ગણતરી થશે અને તે મુજબ તફાવતની રકમ ગ્રાહકનાં ખાતામાં બીજા મહિનાની પહેલી તારીખે જમાં/ઉધારવામાં આવશે અને આવા તફાવત ની રકમ ૩૦ દિવસના દૈનિક હપ્તામાં ગ્રાહકના પ્રાપ્ય રી-ચાર્જ બેલેન્સમાંથી વસૂલવામાં આવશે. એલ.ટી.એમ.ડી. ગ્રાહકો પાસે થી આવી વસુલાત એકી સાથે કરવામાં આવશે. જો તફાવત ની રકમ ગ્રાહકને પરત આપવાની હશે તો એકી સાથે આપવામાં આવશે.

## ❖ ગ્રેસ સમયગાળો:

જે ગ્રાહકોને ત્યાં સ્માર્ટ પ્રી-પેઈડ મીટર લગાડવામાં આવશે તેવા ગ્રાહકોને પહેલા રીચાર્જ માટે ૫ દિવસ નો ગ્રેસ સમયગાળો આપવામાં આવશે.

## ❖ કટોકટી માટેની જમા રકમ:

ભારત સરકારનાં વિધુત મંત્રાલય દ્વારા તારીખ ૧૪-૦૨-૨૦૨૪ દ્વારા જાહેર કરવામાં આવેલ માર્ગદર્શિકા મુજબ રૂ- .૩૦૦.૦૦ કટોકટીની જમાં રકમ તરીકે માન્ય રાખવામાં આવેલ છે. આથી ,જો કોઈ ગ્રાહકનું પ્રાપ્ય રી-ચાર્જ બેલેન્સ જો રૂ – .૩૦૦.૦૦ થશે ત્યાં સુધી તેવા ગ્રાહકોનું વીજ જોડાણ કપાશે નહિ .પરંતુ જો છેલ્લા ૬ મહિનામાં ત્રણ વખત જો આ શરતનું ઉલ્લંઘન કરવામાં આવશે તો ઉપર મુજબની સુવિધા રદ કરવામાં આવશે.

## ❖ રી-ચાર્જ:

ગ્રાહકે ઓછામાં ઓછું રૂ .૧૦૦.૦૦ કે તેના ગુણાંકમાં રી-ચાર્જ કરવાનું રહેશે. રી-ચાર્જ કરવા માટે ગ્રાહકો દ્વારા મોબઈલ એપ અને PGVCLની કેશ કલેશન બારી થી રી-ચાર્જ કરી શકાશે .

## ❖ મોબાઇલમાં બેલેન્સ કેવી રીતે ચકાસશો ?

તમે નીચેનામાંથી કોઈપણ રીતે બેલેન્સ રકમ ચકાસી શકો છો.

a) તમારી મોબાઇલ એપ્લિકેશનનો ઉપયોગ કરીને

b) પ્રિ-પેઇડ સ્માર્ટ મીટર પર ડિસ્પ્લે તપાસી ને

## ❖ ડીશકનેકશન :

નીચેનાં સંજોગોમાં સ્માર્ટ પ્રી-પેઈડ મીટર ઓટો ડીશકનેકશન થશે:

૧. જે ગ્રાહકનું વીજજોડાણ સ્માર્ટ પ્રી-પેઈડ મીટર માં તબદીલ થયું હશે અને જો તે ગ્રાહક નું શરૂઆતનાં ૫ દિવસ નાં ગ્રેસ સમયગાળા બાદ રી-ચાર્જ કરવામાં ન આવશે અને જો કટોકટીની જમા રકમ -રૂ.૩00.00 થી વધી જશે તેવા કિસ્સામાં ગ્રાહકનો વીજપુરવઠો બંધ થઈ જશે.

૨. સામાન્ય કિસ્સામાં જો કટોકટીની જમાં રકમ -રૂ.૩00.00 થી વધી જશે તેવા કિસ્સામાં ગ્રાહકનો વીજપુરવઠો બંધ થય જશે.

૩. ડીશકનેકશન માટેનો કમાન્ડ દરરોજ ઓફીસના કામકાજનાં કલાકો દરમિયાન (રવિવાર ,બીજા અને ચોથા શનિવાર તથા જાહેર રજાનાં દિવસો સિવાય) આપવામાં આવશે.

૪. હંગામી ધોરણે ડીશકનેકશન અને કાયમી ધોરણે ડીશકનેકશન માટે જી.ઈ.આર.સી .નાં સપ્લાય કોડ અનુસાર હાલની કાર્યપદ્ધતિ અમલમાં રહેશે.

## ❖ રી-કનેકશન/પુનઃજોડાણ:

વીજપુરવઠો બંધ થયા બાદ અને ગ્રાહક દ્વારા રી-ચાર્જ કર્યાં બાદ અને પ્રાપ્ય રી-ચાર્જ બેલેન્સ પોઝીટીવ થયા બાદ ૧૫ મીનીટ માં ગ્રાહકનો વીજપુરવઠો ફરીથી ચાલુ થય જશે.

## ❖ રી-ચાર્જ બેલેન્સ અંગેના મેસેજ એલર્ટ:

રી-ચાર્જ બેલેન્સ અંગેના મેસેજ એલર્ટ નીચેનાં સંજોગોમાં ગ્રાહકને મોકલવામાં આવશે .

રી-ચાર્જ બેલેન્સ સંબંધિત સંદેશ ચેતવણી:

- ✓ જ્યારે ઉપલબ્ધ રિ-ચાર્જ બેલેન્સ 50 INR સુધી પહોંચે છે
- ✓ જ્યારે ઉપલબ્ધ રિચાર્જ બેલેન્સ 0 INR સુધી પહોંચે છે
- ✓ જ્યારે રીસીવેબલ રી-ચાર્જ બેલેન્સ -200 INR સુધી પહોંચે છે

ઉપરાંત, ગ્રાહક કોઈપણ સમયે રીચાર્જ કરી બેલેન્સ ઉમેરી શકશે.

## ❖ વીજબિલ બાબત કેટલીક વિશેષ માહિતી:

- પ્રિ-પેઇડ સ્માર્ટ મીટર લગાવ્યા બાદ ગ્રાહકને FOA નો મેસેજ આવશે. જે પછી ગ્રાહકને પાંચ દિવસનો ગ્રેસ પીરિયડ આપવામાં આવશે. જે દરમિયાન વીજજોડાણ કપાશે નહીં. પરંતુ ગ્રાહકે રીચાર્જ કરી બેલેન્સ જમા કરાવી લેવાનું રહેશે.
- ગ્રાહકને દરરોજ જે મેસેજ મળશે, એમાં સામાન્ય રીતે નીચે મુજબની ગણતરી બાદ યુનિટ દીઠ દૈનિક રકમ આકારવામાં આવશે. જે દરેક ગ્રાહક માટે અલગ આવશે.

૧. ગ્રાહકના હાલના ફિક્સ ચાર્જને ૩૦ વડે ભાગાકાર કરી દૈનિક ફિક્સ ચાર્જ ઉમેરવામાં આવશે.

૨. વપરાશ મુજબ ગ્રાહકનું અલગ અલગ સ્લેબમાં ટેરીફ મુજબ બિલિંગ થશે.

3. Daily Instalment ની રકમ પણ રોજના વીજ વપરાશની રકમમાં ઉમેરાશે.

ગ્રાહક મોબાઈલ એપ્લિકેશનની મદદથી આગલા કોઈપણ દિવસના વીજ વપરાશના યુનિટ અને બેલેન્સ ચકાસી શકે છે. જેથી બિનજરૂરી વીજ વપરાશ કે જાણ બહાર થતો વીજ વેડફાટ નિયંત્રિત કરી શકાય છે. તેમજ દૈનિક ધોરણે, માસિક ધોરણે કે ચોક્કસ સમયગાળા મુજબ સરખામણી કરી વીજવપરાશ પર નિયંત્રણ કરી શકાય છે. હકીકતમાં પ્રિ-પેઇડ સ્માર્ટ મીટર ગ્રાહક ને કાળજીપૂર્વકના વીજવપરાશની માહિતી આપી શકતું હોઈ, વીજબીલને ઘટાડવામાં મદદ કરી શકે છે.